**સેશન્સ કેસ નંબરઃ– ૧૦૯/૨૦૨૧**
**આંક –૪૪**

| સેશન્સ કેસ નંબરઃ– ૧૦૯/૨૦૨૧ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૦૯ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | પ્રતાપજી અમથાજી ઠાકોર | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | – |
| ઉંમર આશરે | ૫૦ | વરસની | ધંધો | મજુરી |
| રહેવાનુ | ભદ્દીવાડી તા.કાંકરેજ | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | વી.બી.કંસારા |

(૧) હું અભણ છું. સહી તરીકે મારા અંગુઠાનું નિશાન આપુ છું. આજથી ચાર પાંચ વર્ષ પહેલા પોલીસે હું મારા ગામના ખેતરથી રામજી મંદિર આવતો હતો ત્યારે એક કાગળમાં મારી સહી લીધેલી. કાગળ કોરુ હતુ કે લખેલ હતુ તેની મને ખબર નથી. પોલીસે મને કોઈ ઈજા પામનારને બતાવેલ નથી. હું કોઈ મેહુલભાઈ બલાજી ઠાકોરને ઓળખતો નથી. આ ઈજાપામનાર વિનાયક ન્યુરો એન્ડ સ્પાઈન હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે સારવાર હેઠળ હોય તેની મને ખબર નથી કે મે તેને હોસ્પિટલમાં જઈને જોયેલ નથી. હું કંઈ પંચનામા વિશે જાણતો નથી કે મારી હાજરીમાં કોઈ પંચનામુ થયેલ નથી.

મને માર્ક:૫/૭વાળું ઈજાપામનાર શરીર સ્થિતીનું પંચનામુ બતાવવામાં આવે છે, જેમાં પંચ નં.ર તરીકે મારા અંગુઠાનું નિશાન છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **આંક:૪૫** આપવામાં આવે છે.

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી મુદામાલ માર્ક:જી બતાવવામાં આવે છે, જેમાંથી નીકળેલ એક પેન્ટ સાદા કાપડનું લાલ કલરનુ હતું. જે પેન્ટના આગળના ભાગે સુકાઈ ગયેલા લોહી જેવા ભુખરા ડાઘા પડેલા હતા, જે પોલીસે મારી હાજરીમાં કબજે કરેલ નથી, જેમાંથી નીકળેલ એક કાપલી જેમાં પંચ નં.ર તરીકે મારા અંગુઠાનું નિશાન છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ

સાહેદની સહી..........................

**આંકઃ૪૬** આપવામાં આવે છે.

**હોસ્ટાઈલ**

**આ તબકકે વિ.એ.જી.પી.શ્રી એ સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ ન હોઈ, તેઓને ફરી ગયેલા જાહેર કરી, તેમની વિગતવારની ઉલટ તપાસ કરવા પરવાનગી આપવા વિનંતી કરતાં, સાહેદ ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય તેઓને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવે છે.**

એ વાત ખરી નથી કે તા.૨૬/૯/૨૧ના સાંજે સાડા છ થી સવા આઠ વાગ્યાના સમયમાં પોલીસના બોલાવાથી અમો પંચ તરીકે ડોકટર ભરત ભીખાણીની વિનાયક ન્યુરો અને સ્પાઈન હોસ્પિટલ રૂમનં.રમાં પાટણ મુકામે હાજર થયેલા. ત્યાં ઈજાપામનાર સાહેદ મેહુલભાઈ બબાજી ઠાકોર ઉ.વ.૧૨ રહે કલ્યાણપુરા તા.રાધનપુરવાળો આ હોસ્પિટલમાં દાખલ કરેલ હતો. તેને માથાના ભાગે ઈજા થયેલ હતી અને ડોકટર સાહેબે તેને ઓપરેશન કરી તેની સારવાર કરેલ હતી આ ઈજાપામનાર બેભાન અવસ્થામાં હતો તેવુ તેના મામા જયંતિજી ધારશીએ અમો પંચો રૂબરૂ જણાવેલું.આ સાહેદના શરીના માથાના ભાગે ડાબી બાજુ દવાખાનાની પાટા પટીઓ લગાડેલી હતી અને ડાબા હાથના બાવડા ઉપર તેમજ ડાબા હાથની આંગળી ઉપર પટીઓ લગાવેલ હતી અને છાતીના ભાગે પટીઓ લગાવેલ હતી સદર ઈસમ શરીરે શર્ટ પહેરેલ ન હતુ. સદર ઈસમને અમો પંચો રૂબરૂ શર્ટ પહેરાવેલ હતુ તેવુ તેના મામાએ જણાવેલ હતુ. ઈજાપામનાર સાહેદને પહેરેલ પેન્ટના હાજર જયંતીભાઈ ઠાકોરનાઓએ લુંગી પહેરાવી તેણે પહેરેલ પેન્ટ કઢાવી અમો પંચો રૂબરૂ રજુ કરેલ. જે પેન્ટ સાદા કાપડનું લાલ કલરનુ હતું. જે પેન્ટના આગળના ભાગે સુકાઈ ગયેલા લોહી જેવા ભુખરા ડાઘા પડેલા હતા. જે પેન્ટને ગડીવાળી એક પારદર્શક પ્લાસ્ટીકના ડબામાં મુકી તથા એક કાગળ અમો પંચોની સહી વાળી કાપલી લઈ તે ડબામાં મુકી તે ડબાનું ઢાંકણ બંધ કરી તે ડબાને દોરાથી

સાહેદની સહી............................

બાંધીને અમો પંચોને તપાસ અર્થે કબજે કરવામાં આવેલ અને તે ડબાને માર્ક:જી આપવામાં આવેલ હતો. એ વાત ખરી નથી કે આરોપીને બચાવવા માટે સોગંધ પર ખોટી જુબાની આપુ છું.

**સરતપાસ પુરી.**

**<u>આરોપી તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી.એમ.પી.પરમાર..</u>**

(૨) ઉલટ તપાસ નથી.

**વિશેષ ફેરતપાસ નથી.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

........................................

સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૧૦-૦૩-૨૦૨૬ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>છઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી............................